"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે, શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(M) 99250 25148

Executive President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

રેફ. નં. : એજીટીટીએ/૨૦૨૨-૨૩/૫૦ તા.૨૪-૦૯-૨૦૨૨

# ટોલટેક્ષ અંગેની પ્રેસ કોન્ફરન્સ

આજે અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન વતી આપ સૌનો આભાર માની આવકારૂ છું અને ઓલ ઈન્ડિયા મોટર ટ્રાન્સપોર્ટ કોંગ્રેસ, ન્યુદિલ્હીના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમૃતલાલ મદાનના અધ્યક્ષ સ્થાને મળેલી તા.૨૪-૦૯-૨૦૨૨ને શનિવારના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, આશ્રમરોડ, અમદાવાદ મુકામે આજની સભાની કાર્યવાહી તેમજ વિગતો આપની સમક્ષ મુકુ છું.

૧. ગુજરાત રાજયમાં બરોડાથી લઈને મુંબઈ સુધીનો નેશનલ હાઈવે દેશમાં સૌથી વધુ ટ્રાફિકવાળો ધમધમતો હાઈવે છે અને આપ જાણો છો તેમ મુંબઈ અને ગુજરાત એ દેશના આર્થિક વિકાસમાં ફાળો આપતા પ્રથમ કક્ષાના વિસ્તારો છે.

છેલ્લા ૨૫-૩૦ વર્ષમાં કેન્દ્રીય સરકારે જે કોઈ ઈન્ફ્રાસ્કચર ડેવલપમેન્ટનું વિચાર્યુ ત્યારે ટ્રાનસપોર્ટ ઉદ્યોગે કોઈપણ વિરોધ કરેલ નહી અને તેના વિકાસ અર્થે જે કોઈ ખર્ચ વધ્યો તે સ્વીકારી લીધેલ અને છેલ્લા ૨૦ વર્ષમાં ઈન્ફ્રાસ્કચરના ડેવલપમેન્ટનો જે કોઈ ફાયદો ટ્રેડ, કોમર્સ અને ઈન્ડસ્ટ્રીને મળ્યો તે આપણે સૌ જોઈ શકયા છીએ.

પહેલાં ટોલટેક્ષ ટ્રાન્સપોર્ટ ટ્રેડના કોસ્ટ કમ્પોનન્ટમાં ૨% થી ૩% આવતો હતો જે હવે વધતા વધતા ૧૨% થી ૨૦% સુધી પહોંચી ગયો છે અને ટ્રાન્સપોર્ટ ટ્રેડને મળતા ભાડાં ઓપન માર્કેટની ડિમાન્ડ અને સપ્લાય આધારીત હોઈ આ ટોલટેક્ષના ખર્ચનો મોટો ભાર ઘણી વખત ટ્રાન્સપોર્ટરે પોતે ભોગવવાનો આવે છે.

પહેલાં જયારે નવા રસ્તાઓનું નિર્માણ થઈ ટોલરોડ બનાવવાનું શરૂ થયુ ત્યારે કોઈ ચોખવટ ન હોઈ ૨૦૧૩માં સરકાર સાથે ઘણાં બધાં વાર્તાલાપ કર્યા બાદ જાન્યુઆરી-૧૩માં સરકારે લેખિતમાં જાહેર કરેલ કે જે કોઈ કન્સેશનરે (BOT) બીલ્ટ ઓપરેટ અને ટ્રાન્સફરના આધારે જે કોઈ રોડનું નિર્માણ કરેલ હશે જેની અવધી પુરી થતાં સરકારને તે રોડને સોંપણી કરશે અને ત્યારબાદ તે રોડ ઉપર માત્ર મેઈન્ટેનન્સ કરવાનું રહેશે અને તે અર્થે તે રોડ ઉપર છેલ્લા લેવાતા ટોલ ચાર્જીસના ૪૦% ટોલ લેવામાં આવશે. આ બાબતે સરકારે ટોલ કલેકશન રૂલ્સમાં પણ ઉલ્લેખ કરેલ છે અને તે અંગેનો ઓફિસ મેમોરેન્ડમ પણ બહાર પાડેલ છે.

આ વર્ષના એપ્રીલ મહિનામાં ગુજરાત રાજયમાંથી પસાર થતાં નેશનલ હાઈવેના જુદા-જુદા રસ્તાઓની વિગતો કાઢતા અમારી ટીમને માલુમ પડયુ કે બરોડાથી મુંબઈ જતાં નેશનલ હાઈવે ૪૮ (એન.એચ.૮) ઉપરના ૬ ટોલ રોડ કે જેની અવધી પુરી થઈ ગયેલ હોઈ અને જે-તે ડેવલપરે તે રસ્તાની સોંપણી સરકારને પાછી કરેલ છે તેથી સૌથી પહેલાં અમોએ ગાંધીનગર સ્થિત નેશનલ હાઈવે ઓથોરીટીની રીજયોનલ ઓફિસમાં સંપર્ક કર્યો અને દરેક વિગતો સાથે પત્ર લખ્યો અને બે મીટીંગ કરી ચર્ચા પણ કરેલ.

ત્યારબાદ આજ વિષય ઉપર નેશનલ હાઈવે ઓથોરીટીના હેડ ઓફિસ ઉપર પણ બધી વિગતો સાથે તા.૧૦-૦૫-૨૦૨૨ના રોજ ચર્ચા/રજુઆત કરેલ.

તે દરમ્યાન આ બધી વિગતો સાથે માન.શ્રી નિતિન ગડકરીજીને અમોએ તા.૧૭-૦૬-૨૦૨૨ના રોજના પત્ર દ્વારા બધી વિગતો પાઠવેલ અને મુલાકાત આપવા માટે વિનંતી કરેલ.તેમજ અમોએ આ બધી વિગત ગુજરાત રાજ્યના દરેક MP ને પણ જણાવેલ. આ ઉપરાંત અમોએ આ બધી વિગતો ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં પણ પાઠવેલ અને તેમના વતી પણ તા.૦૯-૦૯-૨૦૨૨ના રોજ માન.શ્રી નિતિન ગડકરીજીને પત્ર દ્વારા રજુઆત કરવામાં આવેલ.

ખાસ જણાવવાનું કે આ બધા પત્ર વ્યવહારની જાણ ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં દરેક વખતે કરેલ અને તે દરમ્યાન રાજ્યના ઘણાં બધા વર્તમાન પત્રોમાં અમારા પ્રશ્નોની સાતત્ય અને અગત્યતા જોઈ વિગતો છાપેલ.

નવાઈની વાત તો એ છે કે આ બધાં પ્રયત્નો છતાંય સરકાર કે ઓથોરીટી તરફથી આજ સુધી અમોને કોઈ પ્રતિસાદ મળ્યો નથી અને માત્રને માત્ર નેશનલ હાઈવે ઓથોરીટીના ગાંધીનગર સ્થિત રીજયોનલ ઓફિસમાંથી તા.૨૧-૦૬-૨૦૨૨ના પત્રથી જણાવેલ કે ઉપરોક્ત બાબતનો નિર્ણય તેમની સત્તામાં ન આવતો હોય નેશનલ હાઈવે ઓથોરીટીના હેડ ક્વાર્ટરમાં સંપર્ક કરવો. જે અમોએ તા.૧૦-૦૫-૨૦૨૨ના રોજ કરી લીધેલ.

આ સાથે અમોએ ઉપરોક્ત વિગતના દરેક પત્રોની નકલ, સરકાર દ્વારા પ્રદર્શિત નેશનલ હાઈવે ફી કલેકશન રૂલ્સની નકલ, ગુજરાત/મુંબઈ માં પસાર થતા નેશનલ હાઈવે ૮ના દરેક ટોલ રોડની ટોલપ્લાઝા ઈન્ફરમેશનની નકલ તેમજ અમારી સંસ્થા તેમજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પત્રની નકલ આપના અભ્યાસ અર્થે આ સાથે બીડેલ છે.

૨. હવે ગુજરાત રાજ્ય હસ્તકના બે રસ્તાઓ જેમાં કે હાલોલ-વડોદરા રોડ જે ૨૦૦૧માં રૂ.૧૭૦.૪૦ કરોડના ખર્ચે નિર્માણ પામેલ અને તેજ પ્રમાણે અડાલજ-મહેસાણાનો રોડ રૂ.૩૪૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલ. આમ કુલ રૂ.૫૧૩ કરોડના ખર્ચે નિર્માણ બાદ આ રોડ ઉપર ટોલ લેવાનું ચાલું થયેલ અને જુદા-જુદા સમયે આરટીઆઈ કરી મેળવેલ વિગતો પ્રમાણે ૨૦૨૧-૨૨ સુધીમાં બંને રોડ ઉપર રૂ.૨૧૯૪.૪૭ કરોડ ની આવક મેળવેલ છે અને તેના શેર હોલ્ડર્સને રૂ.૧૭૫ કરોડનું ડિવિડન્ડ આપેલ છે. આ બંને ટોલરોડમાં પ્રાઈવેટ કન્સેશનરની સાથે રાજ્ય સરકારની પણ ૧૬.૪૦% ભાગીદારી છે.

હવે આ બંને રોડના પ્રાઈવેટ કન્સેશનરે ૨૦૧૪-૧૫ અને ૨૦૧૬-૧૭માં રૂ.૭૬૦ કરોડ માં પોતાનો હિસ્સો બીજી કંપનીને વેચી દીધો.

નવાઈની વાતતો એ છે કે આશરે રૂ.૫૧૩ કરોડના ખર્ચે નિર્માણ પામેલ રોડ ઉપર લગભગ રૂ.૨૨૦૦ કરોડની આવક ઉભી કર્યા બાદ તેમજ આશરે રૂ.૭૬૦ કરોડમાં પોતાના શેર વેચાણ કર્યા બાદ હજી પણ આ રોડ ઉપર આવક પુરેપુરી મળી નથી તેમ જણાવી સરકાર પાસે તેઓએ આ રોડ ઉપર બીજા ૧૦ વર્ષ સુધી ટોલ ઉઘરાવવાની માંગણી મુકી છે.

આ બાબતની ઘણી બધી રજુઆતો બાદ પણ કોઈ પ્રતિસાદ ન મળતાં અમારી સંસ્થાએ હાઈકોર્ટમાં PIL દાખલ કરેલ છે, પણ તે અંગેની બધી વિગતો કોર્ટમાં રજુ કર્યા બાદ પણ ગોકળ ગાયથી પણ ધીમી ગતીએ કેસ પ્રોસેસ થઈ રહ્યો છે. હજી આ વિગત પુરી થતી નથી કેમ કે ગુજરાત રાજ્યના આ બંને રોડ અને આંધ્રપ્રદેશના બે રોડ મળીને કુલ રૂ.૩૧૦૦ કરોડમાં અદાણી ગ્રુપની કંપનીએ હસ્તગત કરવાના છે. Individually ઉપરોક્ત જણાવેલ દરેક રોડની વેલ્યુએશનના આંકડા અમારી પાસે નથી પણ તેમાં હાલોલ-વડોદરા અને અડાલજ-મહેસાણા રોડ સામેલ છે.

હવે આપ સમજી શકો છો કે રૂ.૫૧૩ કરોડમાં નિર્માણધીન બે ટોલ રોડ ઉપર આટલા કલેક્શન થયા પછી તેમજ હકકના વેચાણો દ્વારા ઉભા થયેલ પૈસા બાદ પણ લાગત પુરી થઈ નથી અને સરકારશ્રી પાસે વધુ ૧૦ વર્ષ ટોલ ઉઘરાવવાની માંગણી કરવામાં આવે છે. અમને શંકા છે કે જે જરૂર પણે સ્વીકારવામાં આવી હશે.

૩. છેલ્લાં ત્રણ મહિનાથી આપસૌ જાણો છો તેમ બરોડાથી મુંબઈ વચ્ચે હાઈવેની શું હાલત છે અને ખાસ કરીને ભરૂચ-પાનોલી-કામરેજ-ભીલાડ વગેરે જગ્યાએ ડાયવર્શન, નબળાં પુલ, નવા કન્સ્ટ્રકશન ની પ્રવૃત્તિ તેમજ પડેલા ખાડાંઓને કારણે વાહનોને ૩ થી ૭ કલાક સુધી ટ્રાફિક જામ ભોગવવો પડે છે. આજ પ્રમાણે શામળાજી-હિંમતનગર વગેરે રોડ ઉપર પણ ટ્રાફિક જામ ભોગવવો પડે છે. જેને કારણે ગાડી માલીકોને ટર્ન અરાઉન્ડ ટાઈમથી કરોડો રૂપિયાનું નુકશાન થયુ છે. તેમ છતાં આ રોડ ઉપરના ટોલ માલીકો પુરેપુરો ટોલ વસુલ કરવાનું ચુકયા નથી.

૪. હજીતો વધારામાં ભરૂચથી ઉમરગામ સુધીના હાઈવે ઉપર ખાડાઓ ને કારણે જો કોઈ ગાડી હાઈવેની ફસ્ટલેનમાં આવી જાય તો સ્થાનિક પોલીસ રૂ.૫૦૦૦ નો દંડ કરે છે. આ બાબતની રજુઆત અમોએ રાજયના ગૃહમંત્રી તેમજ ડીજીપીને કરેલ છે, પણ હજી સુધી અમારી રજુઆતનો કોઈ નિવેડો આવ્યો નથી. પુરાવા તરીકે તા.૨૧-૦૯-૨૦૨૨ના રોજ આવી રીતે થયેલ દંડની પાવતીની કોપી આપના અભ્યાસ અર્થે મુકેલ છે.

**અમારી સરકાર તેમજ ઓથોરીટીને હજુ એકવાર વિનંતી છે કે**

એ) તેમણે બનાવેલા રૂલ્સ પ્રમાણે ટોલ લેવાવો જોઈએ

બી) રસ્તાઓની સ્થિતિ મોટરેબલ ના હોય તો ટોલ કલેકશન ના થવું જોઈએ

સી) સરકારના નવા ટોલ રોડ તેમજ જુના રસ્તાઓની ટોલ કલેકશન પ્રથામાં પારદર્શકતા હોવી જોઈએ

ડી) ખાસ કરીને ભરૂચથી ઉમરગામની વચ્ચે લેન અંગેના ગુનાઓમાં ટ્રાફિક અંગેના ગુનાઓની જેમ રૂ.૫૦૦ની માંડવાળ ફી હોવી જોઈએ.

ઉપર જણાવેલ રોડના વિભાગો ખાસ કરીને ગુજરાત અને મુંબઈના ટ્રાન્સપોર્ટરો વાપરે છે તેમજ નોર્થ-સાઉથ કોરીડોરના વાહન માલીકો પણ તેનો ઉપયોગ કરે છે અને કાયદા વિરૂધ્ધ તે લોકોને કરોડો રૂપિયાનો ખર્ચ વેઠવો પડે છે તેથી પેન્ડેમીકના વર્ષો તેમજ આર્થિક મંદીની અસરો ને કારણે પીસાતો આ ઉધોગ ન્યાય માંગે છે.

અમને આશા છે કે અમે અમારા પ્રશ્નો અને રજુઆત જેના દરેક પુરાવા આજે તમોને આપેલ છે અને અમારો આ અવાજ પ્રજા, સરકાર તેમજ ઓથોરીટી સુધી પહોંચાડવામાં મદદ કરશો.

આજની આ પ્રેસ કોન્ફરન્સ બાદ આવી જ એક પ્રેસ કોન્ફરન્સ આવતા ૧૦ દિવસ બાદ મુંબઈ ખાતે થવાની છે અને ત્યારબાદ તા.૧૦-૧૦-૨૦૨૨ને સોમવારે રાષ્ટ્રીય કાર્યકારીણીની મીટીંગ જે મુંબઈમાં મળશે અને તેમાં પ્રશ્નોનો નિકાલ ન આવે તો યોગ્ય પગલાંનો નિર્ણય લેવામાં આવશે.

આપ સૌનો આભાર,